અમેરિકન સ્ટેસમેન અને પ્રમુખ બેન્જામિન ફ્રેન્કલિનનું બહુજ પ્રખ્યાત વાક્યાંશ છે... ''જીવનમાં બે વાત નક્કી છે **મૃત્યુ અને કર**'' કર અને કરા બન્ને શબ્દોમાં બહુ ઝાઝો ફર્ક નથી. બન્ને માથે પડે છે. અંતર એટલુંજ કે કરા જ્યાં પડે ત્યાં તે સ્થાનમાં લોકોએ સહન કરવું પડે. પણ કરનો માર તો આખાંએ દેશ એ ઝીલવો પડે. જે દેશની જનસંખ્યા ૧૪૦ કરોડને આંબી ગઈ હોય. ઈન્કમ ટેક્સ રીટર્ન ભરનારા ૮ કરોડ હોય અને તેમાં પણ સીધા કરવેરા (Deirect Tax) ભરનારા માત્ર ૨.૨૫ કરોડ હોય અને એમાં આપણો જૈન સમાજ અગ્રણી હોય તે વાત આપણા માટે ગર્વ લેવા જેવી ખરી પણ બહુધા મધ્યમ વર્ગથી બનેલો આપણો સમાજ તેમની અપેક્ષાઓ પૂર્ણ ના થાય એટલે થોડી નારાજગી તો થવાનીજ. આ લેખમાં અંદાજ પત્રમાં જે જોગવાઈ કરાઈ છે એની ઉપર એક સમજણ અને એના પ્રત્યાઘાતો / અસર કેવાંક રહેશે એની ઉપર એક નજર ફેરવીએ.

(૧) કેપિટલ ગેઈન ટેક્સ : નિર્મલાબેન એ અંદાનપત્રમાં જે ઘણી બધી જાહેરાતો કરી છે એમાં સહુથી વધારે ચર્ચાસ્પદ જો કાંઈ હોય તો તે કેપિટલ ગેઈન ટેક્સને લઈને છે. LTCG ૧૦ ટકાથી વધારીને ૧૨.૫ ટકા, STCG ૧૫ ટકાથી વધારીને ૨૦.૦ ટકા. STCG માં વધારા પાછળ સરકારની એવી દલીલ છે કે શેરબજારમાં સટ્ટાકિય પ્રવૃત્તિના વેગ બે અંકુશમાં લેવા માટે આ જોગવાઈ કરી છે. હમણા SEBI અને LTCG ના વધારામાં વિદ્વાન વર્ગમાં મતમતાંતર ચાલી રહ્યો છે. કારણ સરકારે Cost Inflation Index (મોંઘવારીનો માપદંડ) નાબુદ કર્યો છે. ગોળ ચોપડવાની દ્રષ્ટિએ LTCG માં કર બાદ (Exemption) એક લાખથી વધારીને સવા લાખ કરવામાં આવ્યો છે. આ બદલાવથી Long Term Capital Asset પર LTCG વધવાની પૂરી શક્યતા જોવાઈ રહી છે.

(૨) Buy-Back : શેરબજારના નિવેશકોને અસર કરતી જોગવાઈમાં Company જ્યારે Buy Back of Shares કરશે ત્યારે શેરધારકને Buy Back ના નાણા જ્યારે મળશે તે શેરધારકના હાથમાં કર પાત્ર બની રહેશે. આ જોગવાઈ October 1, 2024 થી અમલ થવા જઈ રહેશે. આનાથી Buy Back કરતી કંપનીઓમાં નિરાશા જોવાશે. કારણ પહેલેથી જ શેરધારક Dividend ઉપર Slab Rate પ્રમાણે ટેક્સ ભરી રહયો છે.

(૩) સોના-ચાંદી : સરકારે કિંમતી ધાતુ પર આયાત જકાત 15% થી ઘટાડીને 6% કરી છે. પરિણામે સોના-ચાંદીની દાણચોરી પર બ્રેક લાગીને ઘરેલુ બજારમાં આ ધાતુ એકંદરે સસ્તુ થઈ શકે છે. બે વર્ષ પહેલા આજ સરકારે આયાત જકાતમાં વધારો કર્યો હતો. જોવાનુ રહે છે કે આવનારી GST Council ની મીટીંગમાં સોના-ચાંદી પર GST વધારો થાય છે કે નહી?

(૪) New Pension Scheme (NPS) : સરકારે NPS માં મળતારી કર કપાતની લીમીટ 10% થી વધારીને 14% કરી છે, જેના કારણે આ સ્કીમ વધુ આકર્ષક બની રહેશે. એવું મનાઈ રહ્યું છે. Pvt અને Public Companies ના કર્મચારી જેઓએ નવી ટેક્સ રેજીમ અંતર્ગત આવતા હશે એમનેજ આ 14% ની કર કપાતનો લાભ મળી શકશે.

(૫) Re-Assessment : જે કરદાતાઓના Retuns પ્રમાણે વિવાદસ્પદ રકમ રૂ.૫૦ લાખથી વધારે હશે તેનો સમય ગાળો હવે Assessment Year પૂરા થયા પછી ત્રણ વર્ષ સુધીમાં Re-open કરી શકાશે. પહેલા આ સમયગાળો ૫ વર્ષનો હતો. સરકાર અને Assessee વચ્ચે Litigation - dispute ઓછું થાય તેના માટેની આ સારી જોગવાઈ કરી છે.

C.A. Parag Vasani - Kandivali (E)

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઇ**
**શ્રી આદિનાથ રત્નત્રય આરાધનાધામ -(યાત્રિક ભવન પાલીતાણા)**
**માતુશ્રી સમજુબેન ત્રીભોવનદાસ લાલચંદ શાહ પરિવાર**
**હ: શ્રીમતી પ્રવીણાબેન પ્રવીણચંદ્ર શાહ (ઘાટકોપર - મુંબઇ)**

**ચેકઈન ટાઈમ સવારે ૮ વાગે – ચેકઆઉટ ટાઈમ સવારે ૭.૩૦**

**બ્લોકનો નકરો (એક દિવસનો) નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ૫ બેડ – એ.સી | રૂા.૧૨૦૦/– |
| ૫ બેડ – નોન એ.સી | રૂા.૬૦૦/– |

(દરેક બ્લોકમાં ૨ ટોઈલેટ ૨ બાથરૂમની વ્યવસ્થા સાથે)

| | |
|---|---|
| ૨ બેડ – એ.સી. | રૂા.૭૦૦/– |
| ૨ બેડ – નોન એ.સી. | રૂા.૩૦૦/– |

## યાત્રિક ભવન રૂમ બુકીંગ અંગેના નિયમો - સૂચના

**યાત્રિક ભવન માટેનું બુકીંગ ફક્ત નીચેના સ્થળે થશે :**

| | |
|---|---|
| ૧. | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ સં ઘ - મુંબઇ<br>ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મે માળે, ઓલ્ડ પોલીસ લેન,<br>રેલ્વે સ્ટેશનની સામે, અંધેરી (ઇસ્ટ),<br>મુંબઇ - ૪૦૦૦૬૯. મો.નં : ૯૧૩૭૩૪૨૮૧૮<br>સમય : ૧૧.૩૦ થી ૬.૦૦ |
| ૨. | નોંધ : એપ્રિલ ૨૦૨૪ થી પાલીતાણા યાત્રિક ભવન, રૂમ અને પેકેજનું બુકીંગ દામોદરવાડીમાં કરવામાં આવશે નહિં. |
| ૩. | યાત્રિક ભવન બ્લોક એડવાંસ બુકીંગ ચાર માસ પહેલા (રેલ્વે ટીકીટ રીઝર્વેશન પ્રમાણે) કરવામાં આવે છે. |
| ૪. | પાલીતાણા પહોંચતા યાત્રિકોએ નવકારસી- બપોરનું ભોજન અને ચૌવિયારની અગાઉથી જાણ કરી જણાવેલ સમયમાં પાસ મેળવી લેવાનાં રહેશે. |
| ૫. | ભોજનપાસ લેવાના સમય : નવકારશી માટે આગળના દિવસે સાંજે ૭ કલાકે.બપોરના ભોજન પાસ માટે : સવારે ૧૦ વાગ્યા સુધી.<br>ચોવિહાર માટે : બપોરે ૩.૩૦ કલાક પહેલા.<br>સંપર્ક : ૦૨૮૪૮ - ૨૪૩૩૯૬ |
| ૬. | યાત્રિક પહોંચતા આધાર કાર્ડની ઝેરોક્ષ ફરજીયાત આપવાની રહેશે. |
| ૭. | યાત્રિક ભવન ચેક આઉટ કર્યા બાદ બ્લોકની ચાવી ઓફીસમાં જમા કરાવવાની રહેશે. |
| ૮. | બ્લોક કેન્સલેશન ચાર્જીસ ડીપોઝીટ રશીદ પાછળ છાપેલ મુજબ કાપવામાં આવશે. |

કન્વીનર - યાત્રિક ભવન વ્યવસ્થા કમીટી

## :: જૈન સમાજ રેડ એલર્ટ ::

ઇ.સ ૨૧૧૫ એટલે કે આગામી એક શતાબ્દી માં ભારત માં જૈન ની વસ્તી નામશેષ થઇ જશે .

આગ્રા યુનિવર્સિટી ના પ્રોફેસર, ૧૨ થી વધુ વિષય માં ડોક્ટરેટ , ભારતીય વસ્તિ ગણતરી કમીટી ના ઉપાધ્યક્ષ ડો ભુવન પારસમલજી જૈન એ વિવિધ પેરામીટર પર અભ્યાસ કરી ને ભારત માં ૩૪ સમુદાય આગામી ૧૧૦ વર્ષ માં નામશેષ થશે તેમા બાકી ની જાતિઓ છે પણ ધર્મ તરીકે એક માત્ર જૈન ધર્મ છે .

થીયરીકલ અને આંકડાકીય એનાલિસ બહુ મોટુ છે તે સમજવા આખો રિપોર્ટ વાંચવો પડે પણ કરણો તપાસીએ તો ....

❖ જૈન દિકરીઓ ના અન્ય જ્ઞાતી / સમાજ ના છોકરાઓ સાથે મોટા પ્રમાણ માં લગ્ન

❖ જૈન સમાજ ના યુવાનો માં પારસી સમાજ ની જેમ લગ્ન ના કરવાનો ક્રેઝ

❖ જૈન સમાજ ના ૨% જેટલા દંપતી પુરતી સક્ષમતા હોવા આજ સંતાન પેદા કરવા જ નથી ઇચ્છતા ,

❖ જૈન સંપ્રદાય માં વધુ પડતી દિક્ષાઓ અનેક પરીવાર નો વિસ્તાર અટકાવીદે છે .

❖ જૈન ફિલોસોફી ને નવા લોકો સ્વિકાર કરે તેના માટે નો કોઈ જ પ્રયાસ નહીં ,

❖ ખ્રિસ્તી - આર્યસમાજ ગુજરાત માં સ્વામિનાયાણ સંપ્રદાય તેમના પંથ નો વિકાસ એજ્યુકેશન સિસ્ટમ થી જ કરી શક્યા છે દેશ માં ૬૭૦૦૦/- ખ્રિસ્તી કોન્વેન્ટ સ્કુલૉ છે બધા જ શ્રીમંત જૈનો ના સંતાન ત્યાં જ ભણે છે અને જૈનત્વ ના સંસ્કાર માં મોટાભાગે કોરાધોકાર રહે છે જે આચરણ વગર ના સરનેમ ધારી જૈન જ હોય છે.

❖ આર્યસમાજ ૩૫૦૦ ગુરુકુલ ચલાવે છે .

❖ ગુજરાત માં પ્રસરેલ સ્વામિનાયાણ સંપ્રદાય ૪૦૦ ગુરુકુલ ચલાવે છે .

પરંતુ કહેવાતો શ્રીમંત જૈન સમાજ ની આખા ભારત માં માત્ર ૨૮ હોસ્ટેલ/ સ્કુલો છે દાતા તરિકે જૈન વાત નથી સંચાલન જૈનત્વ મુજબ થતુ હોય તેની વાત છે .

❖ જૈન યુવાનો નો વિદેશ માં સ્થાયી થવાનો ક્રેઝ જેને કારણે આજે જે દશાઓ રાજસ્થાન - ગુજરાત- યુપી ના ગામડાંઓ દેરાસર - સ્થાનક ની છે તે દશા ભવિષ્ય માં મોટા તિર્થો ની થશે.

પણ ચિંતા કરવા ની જરૂર છે આને એક માત્ર ઉપાય છે

❖ ત્રણ સંતાન

❖ ખુબ જ યોગ્યતા ને આધારે દિક્ષાઓ

❖ અને ધર્મ ના પ્રસાર ના સ્પષ્ટ હેતુ સાથે જૈન ગુરુકુલ/ સ્કુલ ની સ્થાપના એજ્યુકેશન સિસ્ટમ હાથ મા લેશુ તો દેશ આપણા હાથમા રહેશે .

એ નહીં થાય તો આજ જેમ મિસર ની ગુફાઓ, ઈજિપ્ત ના પીરામીડો, ઇલોરા ની ગુફાઓ જેમ ટુરીઝમ પોઈન્ટ બન્યા છે તેમ આપણા તિર્થો ટુરીઝમ પોઈન્ટ બનશે, આજે હજુ એ તિર્થો નોકરીયાતો ના હાથ મા છે ને નિયંત્રણ આપણુ છે પછી આ તિર્થો સરકાર ના હાથ મા હશે અને ટીકીટ લઇ ને કોઇક જોતુ હશે, યાદ રાખો બાંધકામ- બિલ્ડીંગો, ઉત્સવ - મહોત્સવ થી ધર્મ નથી બચતો બચે છે તેની સાથે ઇમોશનલી જોડાયેલા લોકો ના એટેચમેન્ટ થી .....

- સંપાદકઃ ડો મનન પરીખ


**SHREE MAHALAKSHMI TEMPLE TRUST**
[(Public Trust Reg. No. A-189 (Bom)]
Bhulabhai Desai Road, Mumbai-400026. Tel. : 23514732

**SCHOLARSHIP TO POOR PROMISING STUDENTS FROM SHRI MAHALAKSHMI TEMPLE TRUST**

Please refer to our authorized Website - www.mahalakshmi-temple.com

Scholarship will be given by **Shri Mahalakshmi Temple Trust,** Bhulabhai Desai Road, Mumbai–400 026 to the poor and promising Hindu students who have passed in first attempt securing **70 percent or more marks** in the examination from 7th Std. to Graduation and Diploma/Degree of Medical and Engineering, B. Pharma in the period of Academic Year June, 2023 to May, 2024. Interested Students may bring the following annexures for collecting free of cost Application Form. Please note that, application form will not be given, if following annexures are not shown for Verification.

➢ Clear Photocopy of Mark sheet of Annual Examination result **(in case of Semester system, mark sheets of both the Semesters are required to be submitted).**
➢ Proof of being Hindu (School Leaving Certificate in which Hindu religion is mentioned or any Authorized Certificate showing Hindu religion).
➢ Clear Photocopy of Ration Card (serial number on the Ration Card must be clearly seen), present residential address must match with address on ration card. Appropriate clarification must be attached in case of any change.
➢ Monthly Income Certificate of parents/guardians (Pay Slip) or certificate of any Authorised Officer about Income (it is necessary to mention monthly income).
➢ Postal envelope/envelope duly stamped and having self-address.
➢ Cancelled Bank Cheque **(Mother/Father/Guardian/Students)** shall be attached with other documents.

Students from Mumbai/Navi Mumbai/Thane District only may bring above mentioned documents in person and collect prescribed form from Temple's Office within 15 days.

**Kindly don't submit any of the original documents.**

**Address :–**
**Shri Mahalakshmi Temple Trust**
Bhulabhai Desai Road,
Mumbai – 400 026.
Tel – 23514732 / 23513831

Date – 12.07.2024 **MANAGER**

## પત્રિકા 'ઝાલાવાડ જૈન દર્શન' મેળવવાનો ઉકેલ

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ સંચાલિત ઝાલાવાડ જૈન દર્શન માસિક પત્રિકા બાબતમાં જણાવવાનું **''પત્રિકા નથી મળતી''** આ ફરિયાદ ઘણા વર્ષોથી શ્રી સંઘની ઓફીસમાં અને દામોદરવાડીમાં મળતી હોય છે.

સમાજના પરિવારોને જોડતી મજબૂત સાંકળ કહો એક તાંતણે બાંધી રાખતા સંબંધોનું માધ્યમ કહો. સમાજના સમાચારની જાણકારી તેમજ વેવિશાળની સમસ્યામાં ઘણીજ મદદરૂપ થાય છે.

ઘણા સભ્ય પરિવારો ફોન દ્વારા જણાવે છે. **''અમે પત્રિકા વાંચીએ નહીં ત્યાં સુધી મજા નથી આવતી ચેન નથી પડતું''** દર મહિને ૫૦૦૦ પત્રિકા તા. ૧૧ના રોજ જી.પી.ઓ. થી મોકલવામાં આવે છે. પોસ્ટમાં પહોંચે, ન પહોંચે, સરનામામાં ભૂલ હોય, હાલ પરિસ્થિતિમાં પરા વિભાગના ઘણી પોસ્ટ ઓફીસમાં સ્ટાફ નથી, સ્ટાફ ઓછા છે. ડીલીવરી કરવા પોસ્ટમેનો ડ્યુટી પર આવતા નથી. ઉપરોક્ત બધીજ સમસ્યાનો નિકાલ કરી સમાજના દરેક સભ્ય પરિવારોને ચોક્કસ સમયમાં પત્રિકા પહોંચવાના લક્ષ્ય સાથે શ્રી સંઘ, પ્રમુખ શ્રી, હોદ્દેદારોએ ચર્ચા-વિચારણા પછી પત્રિકા પહોંડવાનો કાયમી ઉકેલ લાવેલ છે. આ માટે કોરીયર દ્વારા મોકલવામાં આવશે. જેના ચાર્જ રૂા. ૧૦૦૦/- ચાર વર્ષ માટે શ્રીસંઘમાં આપવા રહેશે. આ પત્રિકા દરેક માસની તા. ૧૫ થી ૨૦ ની વચ્ચે પહોંચી જશે. જે પરિવારોને રેગ્યુલર અને સમયસર પત્રિકા પોસ્ટ દ્વારા નથી મળતી અને કુરીયર ચાર્જ આપશે તે સભ્ય પરિવારને કુરીયરથી પહોંચાડવામાં આવશે.

## શ્રી ખીમચંદભાઈ છગનલાલ શાહ માનવ સેવા ટ્રસ્ટ

ઉપરોક્ત ટ્રસ્ટનાં નેજા હેઠળ ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક પરિવારો માટેજ - તે પણ ભાયંદર - મીરા રોડમાં રહેતા અને શ્રી સંઘ - મુંબઈ અને શ્રી ઝાલાવાડ મંડળ - બોરીવલીમાં સભ્ય હોય તેજ પરિવારોના સભ્યોને કાયમી બીમારી દર્દી જેવા કે ડાયાલીસીસ - કેન્સર - પાર્કીનસન હૃદયની, આંતરડાની, ફેફસાની (અસ્થમા) વગેરે જેવા દર્દીઓને ૫૦% રાહત ભાવે દવા આપવામાં આવશે.

જે માટેનું ફોર્મ મેળવી પૂરી વિગતો લખી જરૂરી પ્રમાણ પત્રો બીડવાના રહેશે. ફોર્મ મંજુર થશે તો જાણ કરવામાં આવશે.

**સંપર્ક :** ૯૦૨૯૦૪૦૧૫૦ / ૮૮૨૮૬૪૦૧૫૦

**સંપર્ક સમય :** સાંજે ૪ થી ૬

## પત્રિકા મેળવવા માટેના સેન્ટર

| | | |
|---|---|---|
| મુંબઈ | કે. મહેન્દ્ર સ્ટીલ | ૯૩૨૧૧૮૬૭૧૬ |
| અંધેરી (ઈ) | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ | ૯૧૩૭૩૪૨૮૧૮ |
| મલાડ (ઈ) | શ્રી કાંતિભાઈ જે. માથુકીયા | ૨૮૮૯૧૮૯૨ |
| કાંદિવલી (ઈ) | દામોદરવાડી | ૨૮૮૭૪૬૩૩ |
| કાંદિવલી (વે) | શ્રી જયસુખલાલ શાહ એન્ડ સન્સ | ૯૮૨૧૧૩૩૧૫૦ |
| બોરીવલી (વે) | શ્રી દિનેશભાઈ બારભાયા | ૯૮૨૦૨૧૮૬૪૦ |
| અંધેરી (વે) | શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ | ૯૩૨૨૨૩૨૩૮૩ |
| ઘાટકોપર (વે) | વિઝન ઓપ્ટીક્સ | ૨૫૦૧૬૧૬૧ |
| ઘાટકોપર (વે) | વિકેશભાઈ કાંતીલાલ શાહ | ૭૩૮૭૪૮૩૭૭૪ |
| ભાયંદર (વે) | શ્રી મુકેશભાઈ ઉતમચંદ શાહ | ૯૮૬૯૦૪૦૧૫૦ |
| વસઈ (વે) | શ્રી નરેશભાઈ છબીલદાસ શાહ | ૯૧૬૭૪૪૭૬૬૭ |
| નાલાસોપારા (ઈ) | શ્રી દિલીપભાઈ ત્રંબકલાલ શાહ | ૯૮૨૦૨૭૦૬૯૩ |
| વિરાર (વે) | શ્રી ભરતભાઈ હસમુખલાલ શાહ | ૯૩૨૦૦૫૬૭૭૯ |

**જનરેશન ગેપ ?**

સાસુ-વહુ વચ્ચે,
બાપ-દિકરા વચ્ચે,
મા-દિકરી વચ્ચે તો
સમજ્યા, પણ
પતિ-પત્ની વચ્ચે ક્યાં છે
જનરેશન ગેપ ?
તો કેમ નથી બનતું ? ?

- પૂ.આ.શ્રતિવજયરત્નસુંદર સૂરીસ્વરજી મ.સા.



Hasmukh Sheth 98208 58125 Tel. : 2614 8864
Chetan Sheth 98201 44214 Tel.26125440

**M.K.ENTERPRISES**

*Distributors :*
Polo Kitchenware
Polo Thermoware
All Time Houseware Item
Gift Articles

1, Amrat Apartment,
Bajaj Road,
Nr. Railway Station,
Vile Parle (W),
Mumbai - 400 056.

**Bharat Vora** Tel. : 2887 5089
Resi. : 2884 11 66



**VORA ESTATE AGENT**

• OFFICE • SHOPS • FLATS
• RENTALS • INDUSTRIAL GALA

Shop No. 3, Sushila Smruti, Opp. Ruby Products, Ashok Chakravarti Road, Plot A, Kandivali (E), Mumbai - 400 101.
M.: 9322916069 / 9773360356

**એવરગ્રીન કોર્પોરેશન**

**Evergreen Corporation**
હાર્ડવેર અને ટુલ્સના વેપારી
૨૪, ફીદા મેન્સન,
ઉજે માળે, બીબીજાન સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૩.

-: ઓફિસ :-
Contact No.
**022 - 40021946 / 23443591**
E-mail : evergren@rediffmail.com
lalit46@gmail.com

# સંવેદનાના સ્પંદનો

## 'જુના કપડાં'

જુના કપડાઓના બદલામાં નવા વાસણ લેવા માટે કેટલીય કચકચ કરીને, શ્રીમંત ઘરની એ સ્ત્રી એક મોટા સ્ટીલના તપેલાના બદલામાં પોતાની બે જૂની સાડી વાસણ વેચવા આવેલા એ વાસણવાળા ને આપવા માટે છેલ્લે જેમતેમ તૈયાર થઈ.

'ના મોટાબેન ! મને નહિ પોસાય. આવડા મોટા સ્ટીલના તપેલાના બદલામાં મને તમારે ઓછા મા ઓછી ત્રણ સાડીઓ તો આપવી જ પડશે.' એવું કહેતો વાસણવાળાએ એ વાસણ એ સ્ત્રીના હાથમાંથી લઈ પાછું કોથળામાં મૂક્યું.

'અરે ભાઈ, અરે એક જ વાર પહેરેલી સાડીઓ છે આ બેઇ.

જો સાવ નવા જેવી જ છે !

આમ તો આ તારા સ્ટીલના તપેલાના બદલામાં આ બે સાડી તો વધારે જ છે. આ તો હું છું, તે તને બે બે સાડીઓ આપું છું.'

'રહેવા દો, ત્રણથી ઓછી તો મને પરવડશે જ નહીં.' એ પાછું બોલ્યો.

પોતાને અનુકૂળ પડે એમ જ સોદો થવો જોઈએ એવુ એ બન્ને વિચારતા હતા અને પ્રયત્ન કરતા હતા એટલામાં ઘરના બારણામાં ઉભા ઉભા વાસણવાળા સાથે ખેંચતાણ કરતા ઘરમાલિક સ્ત્રીને જોતા જોતા સામેની ગલી માંથી આવી રહેલી એક ગરીબ તરુણ મહિલાએ ઘરની સામે ઊભા રહીને ઘર માલિક સ્ત્રીને પોતાને કંઈક ખાવાનું આપવા વિનંતી કરી.

આવા લોકો માટે ઘૃણા ધરાવતા હોવાથી એ શ્રીમંત મહિલાએ એક ક્રોધથી બળબળતી નજરે એ મહિલા સામે જોયું.

એની નજર એ મહિલાના કપડાં તરફ ગઈ.

કેટલાયે થાગડ થિંગડા મારેલી એની એ ફાટેલી સાડી માંથી પોતાનું ઉભરતું તારુણ્ય ઢાકવાનો એનો એ અસફળ અને અસહાય પ્રયત્ન દેખાઈ આવતો હતો.

એ શ્રીમંત સ્ત્રીએ પોતાની નજર બીજે ફેરવી લીધી ખરી, પણ પાછી સવાર સવારમાં બારણે આવેલા યાચકને ખાલી હાથે મોકલવો યોગ્ય નથી એવું વિચારીને આગલી રાત ની વધેલી ભાખરી ઘરમાંથી લાવી એ મહિલાના વાસણમાં નાખી દીધી અને વાસણવાળા તરફ ફરીને બોલી, 'હં , તો ભાઈ શુ નક્કી કર્યું ? બે સાડીના બદલામાં તપેલું આપો છો કે મૂકી દઉ સાડી પાછી ?'

આ બાબત કશું જ ન બોલતા વાસણવાળાએ એની પાસેથી મૂંગા મૂંગા એ બે જૂની સાડીઓ લઈ લીધી, પોતાના પોટકામાં નાખી દીધી અને તપેલું એને આપી દીધું અને વાસણનો ટોપલો માથા પર નાખી ઝડપથી નીકળ્યો.

વિજયમુદ્રામાં એ સ્ત્રી હસતા હસતા ઘરનું બારણુ બંધ કરવા ઉભી થઇ અને બારણું બંધ કરતા એની નજર સામે ગઈ...

એ વાસણવાળો પોતાનું કપડાંનું પોટકું ખોલીને પેલી પાગલ સ્ત્રીને, એણે હમણાં જ તપેલા ના બદલામાં એને મળેલી બે સાડીઓ માંથી એક સાડી એનું શરીર ઢાંકવા માટે આપતો હતો.

હવે હાથમાં પકડેલું એ તપેલું એ શ્રીમંત સ્ત્રીને અચાનક ખૂબ જ ભારે લાગવા લાગ્યું.

એ વાસણવાળાની સરખામણીમાં પોતે એકદમ પોતાને નિમ્ન લાગવા લાગી.

પોતાની આર્થિક સરખામણીમાં એ વાસણવાળાની કોઈ કિંમત જ ન હોવા છતાં એ વાસણવાળાએ પોતાનો સંપૂર્ણ પરાજય કર્યો છે, એ એને સમજાઈ ગયું હતું.

ભાવ માટે ખેંચાખેંચ કરનારો એ બિલકુલ કશું જ ન બોલતા, છાનોમાનો ફક્ત બે જ સાડીઓ લઈને પેલું મોટું તપેલું કેમ અચાનક આપવા તૈયાર થઈ ગયો, એનું કારણ હવે એ સારી રીતે સમજાઈ ગયું હતું.

આપણી જીત થઈ જ નથી અને આ સાવ સામાન્ય વાસણવાળાએ પોતાને પરાભૂત કરી દીધી છે, એ એને સમજાઈ ચૂક્યું હતું.

**કોઈકને કઈક આપવા માટે માણસની આર્થિક સધ્ધરતા મહાત્ત્વની નથી, પણ મનની અમીરાત હોવી મહત્ત્વની છે... ! !**

આપણી પાસે શુ છે અને કેટલું છે એનાથી કશો જ ફરક પડતો નથી !

આપણી વિચારવાની પદ્ધતિ અને દાનત શુદ્ધ હોવી જોઈએ.

**ગિરીશભાઈ કાંતિલાલ શાહ - કાંદિવલી (પૂર્વ)**


**ફકત જૈન મેનુ**

કાશ્મીર | દાર્જીલીંગ
હીમાચલ | સાઉથ
લેહ | નૈનીતાલ
કેરાલા | સીમલા

**શ્રી સમેતશિખરજી મહાયાત્રા**

**48-66 કલ્યાણક ભુમીયાત્રા**

અભય નવીનભાઈ શાહ

**ગુરૂકૃપા ટ્રાવેલ્સ**

અશોક નગર, કાંદિવલી (ઈ), મુંબઈ

93244 08369 / 95942 86900

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

# ❖ નૂતન ઓફીસનું સરનામું નોંધી લેશો ❖

**ન્યુ ઈન્ડિયા હાઈટ્સ, ૮ માં માળે,**
**જીવનધામ સોસાયટીની બાજુમાં**
**ઓલ્ડ પોલીસ લેન, રેલ્વે સ્ટેશન સામે,**
**અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯**

**સમય : ૧૧.૧૫ થી ૬.૦૦ મો.: ૯૧૩૭૩૪૨૮૧૮**

**ઉપરોક્ત સરનામે શ્રી સંઘ તથા ફાઉન્ડેશનની ઓફીસનું વહીવટી સંચાલન તા.૬-૬-૨૦૨૪ થી કાર્યરત થઈ ગયેલ છે. શ્રી સંઘના કોઈપણ કાર્ય માટે રૂબરૂ તથા પત્ર વ્યવહાર ઉપરના સરનામે કરવા વિનંતી.**

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ પરા મંડળ - મહિલા મંડળ - યુવા મંડળ

શ્રી સંઘ દ્વારા ઝાલાવાડ જૈન દર્શન પત્રિકામાં પરા મંડળો - મહિલા મંડળો અને યુવા મંડળોના કાર્યક્રમ અને પ્રવૃત્તિના સમાચાર - અહેવાલ - માહિતી દરેક બાબતો પત્રિકામાં વિનામૂલ્ય - કોઈપણ ચાર્જ વગર છાપવામાં આવે છે.

શ્રી સંઘની 'વિશાલ વડલા'ની શાખાઓ અને શ્રી સંઘ અને સમાજના દરેક કાર્યો જેવા કે આર્થિક યોગદાન હોય, મોટા કાર્યક્રમોનો આયોજન હોય કે અન્ય કોઈપણ પ્રકારના સેવાકાર્યોમાં ઉપરોક્ત મંડળોએ આજ સુધી સાથ-સહકાર અને સહયોગ આપે જ છે.

પત્રિકાના કોરપસના વ્યાજમાં ઘટાડો અને સામે ખર્ચમાં ઘણો જ વધારો થયેલ છે. હાલમાં ૪૮૦૦ પત્રિકા મુંબઈ, થાણા જીલ્લા, પાલઘર જીલ્લા, નવી મુંબઈ અને ગુજરાતના શહેરો, ઝાલાવાડના ગામ અને શહેરો તેમજ ભારતના મોટા શહેરોમાં મોકલવામાં આવે છે.

છેલ્લા થોડા વર્ષોમાં પત્રિકાના ખર્ચાઓ જેવા કે પ્રિંટિંગ ખર્ચ, કોમ્પ્યુટર ડિઝાઈન, ડી.ટી.પી., ઈલેક્ટ્રીક ખર્ચ, પોસ્ટેજ ખર્ચ, પત્રિકા લાયસન્સ અને પોસ્ટેજ લાયસન્સ વગેરેમા ખુબજ ભાવ વધારાને લીધે ખર્ચ વધારે થઈ રહેલ છે. જે બાબત આપણે સહુ જાણીએ છીએ.

ઉપરોક્ત દરેક બાબતોને લક્ષમાં રાખતા ન છૂટકે મંડળોના અહેવાલ - સમાચાર - માહિતીના નીચે પ્રમાણે ચાર્જ લેવામાં આવશે.

૧. ૧ પાનું (પેજ) ફ્રી - વિનામૂલ્ય
૨. અન્ય વધારાના પેજના - રૂા.૧૫૦૦/- મુજબ (જે ખર્ચ આવે છે તેના ૫૦ ટકા લેવામાં આવશે, હાલમાં કોર્મશિયલ દર ફુલ પેજ રૂા.૩૦૦૦/- લેવામાં આવે છે.) દરેક મંડળો, મહિલા મંડળો અને યુવા મંડળોએ પત્રિકા ભેટ માં આપવાના રહેશે.
૩. ઉપરોક્ત દર આગામી ૧ જુલાઈ એટલે કે જુલાઈ માસની પત્રિકાથી અમલમાં આવશે જેની નોંધ લેવા વિનંતી.
૪. મંડળોના અહેવાલ - સમાચાર દર માસની તા.૨૭ છેલ્લી રહેશે તે પછી મળેલ સમાચાર તે પછીના માસની પત્રિકામાં લેવામાં આવશે.
૫. પરા મંડળ - મહિલા મંડળ અને યુવા મંડળોના અહેવાલ ગુજરાતીમાં ડી.ટી.પી. ટાઈપિંગ કરીને મોકલવાના રહેશે. જેની ઓપન ફાઈલ (સોફ્ટ કોપી) સંઘના ઈમેઈલ zalawadjainsangh@gmail.com ઉપર મોકલવાના રહેશે. હસ્તલિખિત અક્ષરો વાંચી શકાતા નથી અને અનેક ભૂલો અને છેકછાક હોય છે.
૬. મોકલનારનું નામ અને મોબાઈલ નંબર હશે તો તેના અહેવાલ સમાચાર છાપવામાં આવશે.

ઉપરોક્ત દરેક બાબતોને ધ્યાનમાં રાખી આજ સુધી આપેલ સાથ-સહકાર મુજબ ભવિષ્યમાં સાથ-સહકાર અને સહયોગ આપશો તેવી અપેક્ષા.

**તંત્રીશ્રી - મુકેશ શાહ**
**મો.: ૯૮૬૯૦૪૦૧૫૦ / ૯૦૨૯૦૪૦૧૫૦**

## વાંચવા સમય કાઢજો

હાલની પરિસ્થિતિમાં બંધબેસતી આ વાત છે. પરિવારોમાં 1G, 2G, 3G, 4G અને 5G....!

આપણા પરિવારોમા આજે જે કાંઈ સાધન સગવડ કે પૈસે ટકે સુખી સંપન્ન છીએ એમાં છેલ્લી ચાર ચાર પેઢીઓની અથાક મહેનત લગન પરસેવો અને પરિશ્રમના પરિણામે છીએ.

આજે ગાડી બંગલામાં પહોંચતા ચાર ચાર પેઢીઓ હોમાઈ ગઈ છે. અને એ પણ કોઈ સીધા સરકારી લાભો કે (આ) રક્ષણ વગર. આપબળે.... સ્વમહેનતે... સ્વમાનભેર...!!

1G : **આપણા વડદાદાઓ :**

ગોળ રોટલો કઢી

ધોતી કેડિયું પેઢી.

રાત દા'ડો જોયા વગર મજૂરી કરીને જેમતેમ ગાડું ગબડાવ્યું. ટૂંકમાં આ પેઢીએ જીવન ચલાવ્યું ને કંઈક ભેગું કર્યું.

2G : **આપણા દાદાઓ** ઘી-દૂધ, શિરો-મગ, રોટલા શાક

ધોતિયું-પહેરણ-ટોપી.

જેટલા મહેનતુ એટલા જ ગણતરીવાળા. શિક્ષણનું મહત્વ આ લોકો બહુ પહેલા સમજી ગયા, અને આપણા બાપાઓ ને ભણાવ્યા. જે પોતે ભણી ના શક્યા એમને બચત કરી શહેરો તરફ તગડયા. અને એમને નોકરી ધંધામાં વાળ્યાં. ટૂંકમાં આ પેઢીએ ભેગું કર્યું..!

3G : **આપણા બાપાઓ :**

શ્રીખંડ, રસ, રોટલી, શાક, દાળ-ભાત

પેન્ટ-શર્ટ, સફારી, બુટ-મોજા.

શહેરોમાં બસ્કુ બાંધીને આવ્યા, કરકસર, સંઘર્ષ, આયોજન, ચોકસાઈ, કાળજી, ચીવટ, સલામત સાહસો કર્યા, ખૂબ રાજકીય/ સામાજિક/ધાર્મિક પહોંચ બનાવી, ખૂબ મહેનત કરી, અને આજે દુકાનો-કારખાના-ઓફીસો-જમીન -જાયદાત-ગાડી-બંગલા ખડા કરી દીધા. તમારા પપ્પાને આજે એમની સંઘર્ષની કહાની પૂછજો મજ્જા આવશે.

ટૂંકમાં આ પેઢીએ વધાર્યું...!

4G : **એટલે આપણે બધા.**

પંજાબી - ચાઈનીઝ -

અનલિમિટેડ થાળી.

જીન્સ/ટી-શર્ટ વાળી પેઢી.

અધેલી ની આવક અને રૂપિયાનો ખર્ચો. સ્માર્ટ મોબાઈલવાળી પેઢી. પાર્ટીઓ, ખર્ચાઓ, દેખાડાઓ, હોટલો, આબુ-દિવ-દમણ-લોનાવાલા-માથેરાન-મહાબળેશ્વર અને માતાજી ની બાધાઓ, શેર-સટ્ટાઓ. ડાયરા - ડીજે. સમજી ગ્યા કે લાંબુ ચલાવું. ?

ટૂંકમાં આ પેઢીએ ઉડાવ્યું...!

હા... હાલની આ પેઢી ખૂબ જ આક્રમક, પોતાના હક અને અધિકાર માટે સામી છાતીએ લડનાર, ઘર સરકાર કે સિસ્ટમ સામે ખુલ્લું બંડ પોકારનાર બાહોશ અને બળવત્તર પેઢી છે. બસ જરૂર છે તો એમને સમયસર એક સાચી દિશા ની સાચા માર્ગદર્શનની. સાચા વિચારની.

5G : **આપણા છોકરાં - છોકરી.**

મેગ્ગી - મસાલા ઢોસા - બોનવિટા બર્ગર/પીઝા - પાઉ - ભાજી, પોપકોર્ન, ચાઈનીઝ વાળી પેઢી.

ફાટેલા જીન્સ અને બરમુંડા ની પેઢી બાકી હતું ટૂંકી ચડ્ડી લાઈફમાં બધું જ એકદમ સેટ..! એકદમ રેડી..!

કોઈ જ ટેન્શન નહીં. કોઈ મગજમારી નહીં.

કોઈ જવાબદારી નહીં. કોઈ ચિંતા કે ઉચાટ નહીં.

લાઈફમાં કોઈ મિશન કે મહત્વાકાંક્ષા પણ નહીં.

ઘર-ગાડી-બંગલા બધું જ રેડી ટુ યુઝ...!

ટુંકમાં આ પેઢી તમારા જ પૈસે તમને પાર્ટી આપે. ગિફ્ટ આપે. અને પાછા શીખવાડે કે **'પપ્પા આમ સ્ટાઇલમાં રેવા'**નું.

**બોલો...!!!!**

પણ આ જનરેશન ખૂબ જ ફાસ્ટ છે. ખૂબ જ સ્માર્ટ છે. ખૂબ જ ચબરાક છે.

**જો..જો.. સંભાળજો.....**

ખૂબ જ અધીરી અને ઉતાવળી પેઢી છે. લાલચ લાડ ને જિદમા ઊછરેલી આ પેઢી છે.

બસ જરૂર છે તો એમને સમયસર એક સાચી દિશાની. સાચા માર્ગદર્શનની સાચા વિચારની.

નહીંતર આપણી ચાર ચાર પેઢીની મહેનત અને પરિશ્રમ પર પાણી ફરી વળશે.

કેમ કે આપણે એમના માટે કરવા જેવું કંઈજ બાકી રાખ્યું નથી.! શિક્ષણ પ્રત્યે, પરિવાર પ્રત્યે એમનામાં સૂગ અને નિરાશા પ્રસરતી જાય છે.!

મહેનત મજૂરી અને પરસેવાની કમાણી એટલે શું ? એ એમને ખબર નથી. કારણ કે ચોવીસ કલાક A.C. મા રહે છે.

આપણે શું કરી શકીએ ?

નોકરી-ધંધા-રોજગાર ને પોતાનામાં ખૂબ જ ખૂંપી ગયેલા આપણે સૌ થોડો સમય આપણા આ 5G બાળકોને આપીએ.

તેમને મંદિરે લઈ જઈએ. તેમના હૃદયમાં ધર્મના નીતિનિયમો દૃઢ કરાવીએ. વાર તહેવાર અવસર પ્રસંગમાં એમને સીધા જોતરીએ.

એમને આપણા પરિવારનો  સમાજનો ભવ્ય સામાજિક અને સાંસ્કૃતિક વારસો સમજાવીએ.

આપણા બાપ-દાદાઓના સંઘર્ષની વાતો માંડીએ. આપણા બાપ-દાદાઓની અસ્મિતા ઓળખ અને આત્મસન્માનને ઉજાગર કરીએ.

એમનામાં આપણા પરિવારનું સ્વમાન અને સ્વાભિમાન કેળવીએ.

એમનામાં પરમાત્માના સાચેરા છોરું હોવાનો અહોભાવ ઉત્પન્ન કરાવીએ.

ZALAWAD GLOBAL CHARITABLE TRUST

ZALAWAD GLOBAL EDUCATION PROGRAM
EDUCATION - FOR A BRIGHTER FUTURE

**ZALAWAD GLOBAL CHARITABLE TRUST - MUMBAI**
Samarth House, 168, Bangur Nagar, Off Link Road, Near Ayappa Temple & Kallol Kali Temple, Goregaon West, Mumbai 400 090.
**Tel:** +91 22 2684 10 50 I **Email:** info@zalawadglobaleducation.org

# ZALAWAD GLOBAL CHARITABLE TRUST - MUMBAI INVITING NEW APPLICATIONS FOR 2024-25

# POST GRADUATION PROGRAMS IN INDIA, USA & UK.

**ZGEP focuses on providing financial assistance (Loan) to help Create a Brighter Future via EDUCATION.** Our association with Indian & Overseas based financial institutions helps us provide complete guidance on financial requirements of the students who wants to pursue higher education in India & abroad!

## WHO CAN APPLY?

Students from Zalawad Jain Swetamber Murtipujak Families wanting to Pursue Post Graduation Programs in India & Abroad (USA & UK).

## ADVANTAGES OF ZGEP

- **No Collateral Required**
- **0% Interest Free Loans**
- **Easy Repayment Options**

Our Track Record Since 2019

**Total Students supported**
USA – 85 I India – 40 I UK – 5

**Total Amount Disbursed**
Rs. 260 Lakhs



To apply students can visit our website
**www.zalawadglobaleducation.org**

or connect with

**Jitubhai S Kothari** +91.98210 12321 | **Rajiv G Shah** +91.98213 54751

**Kiran K Shah** +91.98210 52705

**Want to Speed up your Study Process in India & Abroad? Want to accelerate your visa process? Looking For Educational Loan Assistance? All THESE ADDRESSED UNDER ONE ROOF!!! GET IN TOUCH WITH US & OUR APPOINTED CONSULTANTS FOR HELP & GUIDANCE**

## કેવો સુંદર જવાબ !

### બે 'પેઢી' વચ્ચેની સરખામણી.......

**દરેક વ્યક્તિએ વાંચવી જ જોઈએ, આજની યુવા પેઢી** અને એક યુવાને તેના પિતાને પૂછ્યું: 'તમે લોકો પહેલા કેવી રીતે રહેતા હતા ?

ટેક્નોલોજી ન હતી કાર કે પ્લેન નહીં ઇન્ટરનેટ નહીં કોમ્પ્યુટર નહીં મોલ નહીં કલર ટીવી નહીં મલ્ટિપ્લેક્સ સિનેમા નહીં મોબાઈલ ફોન નહીં સારી હોટેલો, રેસ્ટોરન્ટ નહીં સારા કપડા નહીં હીલ સ્ટેશન પર ફરવા જવાનું નહીં તેના પિતાએ જવાબ આપ્યો: જેમકે તમારી પેઢી આજે કેવી રીતે જીવે છે ? અમને આશ્ચર્ય થાય છે...

કોઈ પ્રાર્થના નથી કરુણા નથી કોઈ સન્માન નથી કોઈ માન નથી મોટો પરિવાર નથી શરમ નથી નમ્રતા નથી સમયનું આયોજન નથી રમતગમત નથી વાંચન નથી ખેતીકામ નથી ગુરુ પ્રત્યે આદર નથી 'અમે, ૧૯૫૦-૧૯૮૦ ની વચ્ચે જન્મેલા આશીર્વાદિત લોકો છીએ.

અમે જીવંત નવલકથા છીએ. રમતી વખતે અને સાયકલ ચલાવતી વખતે અમે ક્યારેય હેલ્મેટ પહેરી ન હતી. શાળા પછી અમે સાંજ સુધી રમતા.

અમે ક્યારેય ટીવી જોયું નથી. અમે સાચા મિત્રો સાથે રમ્યા,

ઈન્ટરનેટ મિત્રો સાથે નહિ. જો અમને ક્યારેય તરસ લાગે તો અમે નળનું પાણી પીધું, બોટલનું પાણી નહીં. અમે ચાર મિત્રો સાથે એક જ ગ્લાસ શરબત શેર કરતા હોવા છતાં અમે ક્યારેય બીમાર થયા નથી.

અમારું વજન ક્યારેય વધ્યું નથી કારણકે અમે રોજ રોટલો દહીં અથાણું ખાતા હતા.

ખુલ્લા પગે ફરવા છતાં અમારા પગને કંઈ થયું નથી. કાંટા અમારાથી દૂર રહેતા.

અમારા માતા અને પિતાએ અમને સ્વસ્થ રાખવા માટે ક્યારેય કોઈ સપ્લીમેન્ટ્સનો ઉપયોગ કરવા દીધો નથી. મગફળી,ગોળ, બાજરાનો - ઘઉં નો પોંક, મકાઈના ડોડા અને ક્યારેક શેરડી નો સાંઠો મળે એટલે ભૈયો ભૈયો.

અમે અમારા પોતાના રમકડા બનાવતા અને તેની સાથે રમતા, ધુળમાં, રેતીમાં દેશી રમતો રમતા. વાગેતો કાળી માટી લગાવી દેતાં... દુ:ખ ગાયબ.

અમારા માતા-પિતા શ્રીમંત ન હતા.

તેઓએ અમને પ્રેમ અને સંસ્કાર આપ્યા.

દુન્યવી ભૌતિક સાધન સામગ્રી નહીં. અમારી પાસે ક્યારેય સેલફોન, ડીવીડી, 'આઈપેડ', ટેબ્લેટ.

પ્લે સ્ટેશન, એક્સબોક્સ, વિડીયો ગેમ્સ, પર્સનલ કોમ્પ્યુટર, ઈન્ટરનેટ ચેટ નહોતા -

પણ અમારે સાચા મિત્રો હતા તે અમારા માટે નેટવર્ક નું કામ કરતા.. વોટસઅપ, ઈન્સ્ટાગ્રામ, ફેઈસબુક નહોતા. અમે અમારા મિત્રોના ઘરની બિન આમંત્રિત મુલાકાત લીધી અને તેમની સાથે ભોજનનો આનંદ માણ્યો.

તમારી દુનિયાથી વિપરીત,

અમારે નજીકમાં રહેતા સંબંધીઓ હતા જેથી કુટુંબનો સમય અને સંબંધો એક સાથે માણવામાં આવ્યા. મામા ,માસી ,ફઈ નો પ્રેમ જોવા તમારે એક પેઢી આગળ જન્મ લેવાની જરૂર હતી.

અમે ભલે બ્લેક એન્ડ વ્હાઇટ ફોટામાં હતા પણ તમને એ ફોટામાં રંગીન યાદો જોવા મળશે. અમે હવે અમે તમારા માટે કલર ઝેરોક્ષ છીએ.

અમે એક અનોખી અને સૌથી વધુ સમજદાર પેઢી છીએ,

કારણ કે અમે એવી છેલ્લી પેઢી છીએ જેમણે તેમના માતા-પિતાનું નત મસ્તકે સાંભળ્યું છે.

ઉપરાંત, એવી પ્રથમ પેઢી છીએ જેઓએ તેમના બાળકો પાસેથી પણ સાંભળવુ પડ્યું છે. હજી પણ બાળકો ઘઘલાવે છે પણ અમે સાંભળી લઈએ છીએ

અને અમે એવા લોકો છીએ જેઓ હજુ પણ વધુ સ્માર્ટ છીએ અને તમને તે ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં મદદ કરી રહ્યા છીએ જે અમે તમારી ઉંમરના હતા ત્યારે ક્યારેય અસ્તિત્વમાં જ ન હતું... જોયું જ ન હતું.

તેથી તમારા માટે એ વધુ સારું છે કે અમે આ પૃથ્વી અને તમારા જીવનમાંથી અદૃશ્ય થઈએ તે પહેલાં. તમે... અમારાથી આનંદ લો.

અમારી પાસેથી શીખો. અમે હરતી ફરતી યુનિવર્સિટી છીએ. ? ?

આમ જોવા જઈએ તો..અમે એક અનલીમિટેડ ડીશ છીએ ....તમે ધરાઈ જશો. જો પચાવી શકો તો અમને માણો ??. અમારા ગ્રુપમાં જોડાવવા માટે

https&//chat.whatsapp.com/

# શુભ વેવિશાળ.....

**શ્રી સંઘના આશીર્વાદ**

| | | વર પક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **ચિ. મિતકુમાર**   **ચિ. સલોની** | | | |
| શ્રી રાજેશભાઈ વસંતલાલ વોરા - કંકાવટી | કેળવણી | ૨૫૧ | ૨૫૧ |
| હાલ કાંદીવલીના સુપુત્ર | પત્રિકા | ૨૫૧ | ૨૫૧ |
| શ્રી જયેન્દ્રભાઈ નટવરલાલ આનંદપરા-ધંધુસર | સાધર્મિક | ૨૫૧ | ૨૫૧ |
| હાલ બોરીવલીની સુપુત્રી | સમૂહલગ્ન | ૨૫૧ | ૨૫૧ |
| | તબીબી | ૨૫૧ | ૨૫૧ |
| | તપશ્ચર્યા | ૨૫૧ | ૨૫૧ |
| | યા.ભવન | ૨૫૧ | ૨૫૧ |
| | ભોજનશાળા | ૨૫૧ | ૨૫૧ |
| | જીવદયા | ૨૫૧ | ૨૫૧ |

| | | | |
|---|---|---|---|
| **ચિ. સૌરભકુમાર**   **ચિ. સોનિયા** | | | |
| શ્રી યશવંતભાઈ દામોદરભાઈ મહેતા-ઘેટી | પત્રિકા | - | ૧૫૦ |
| હાલ કાંદીવલીના સુપુત્ર | સાધર્મિક | - | ૧૫૦ |
| શ્રી દેવેન્દ્રભાઈ ભગવાનજીભાઈ શાહ-ચોટીલા | જીવદયા | - | ૧૫૦ |
| હાલ મલાડની સુપુત્રી | | | |

| | | | |
|---|---|---|---|
| **ચિ. મૌનિલ**   **ચિ. નિધી** | | | |
| શ્રી સંજયભાઈ પ્રવિણચંદ્ર શાહ-રાધનપુર | કેળવણી | ૨૫૧ | ૨૫૧ |
| હાલ બોરીવલીના સુપુત્ર | પત્રિકા | ૨૫૧ | ૨૫૧ |
| શ્રી કેતનભાઈ છોટાલાલ બાવીશી-ચુડા | સાધર્મિક | ૨૫૧ | ૨૫૧ |
| હાલ મલાડની સુપુત્રી | તબીબી | ૨૫૧ | ૨૫૧ |
| | તપશ્ચર્યા | ૨૫૧ | ૨૫૧ |
| | જીવદયા | ૨૫૧ | ૨૫૧ |

| | | | |
|---|---|---|---|
| **ચિ. કુપેશકુમાર**   **ચિ. જુહી** | | | |
| શ્રી મેહુલભાઈ મધુસુદનભાઈ શાહ-ભેસાણ | કેળવણી | ૫૦૧ | ૫૦૧ |
| હાલ બોરીવલીના સુપુત્ર | જીવદયા | ૫૦૧ | ૫૦૧ |
| શ્રી ગૌતમભાઈ રમેશચંદ્ર શાહ-લીંબડી | | | |
| હાલ કાંદિવલીની સુપુત્રી | | | |

| | | | |
|---|---|---|---|
| **ચિ. જીમિત**   **ચિ. રચના** | | | |
| શ્રી રિંકુભાઈ રસીકલાલ વોરા-મોરબી | પત્રિકા | ૨૫૧ | ૨૫૧ |
| હાલ ઘાટકોપરના સુપુત્ર | સાધર્મિક | ૨૫૧ | ૨૫૧ |
| શ્રી દિપેશભાઈ અમૃતલાલ મહેતા-ધનાળા | જીવદયા | ૨૫૧ | ૨૫૧ |
| હાલ મલાડની સુપુત્રી | | | |

| | | | |
|---|---|---|---|
| **ચિ. ચિંતન**   **ચિ. આયુષી** | | | |
| શ્રી મહેશકુમાર બાળુભાઈ શાહ-ખંભાત | કેળવણી | ૧૫૧ | ૧૫૧ |
| હાલ દાદરના સુપુત્ર | પત્રિકા | ૧૫૧ | ૧૫૧ |
| શ્રી વિજયભાઈ બાબુલાલ ગાંધી-ધ્રાંગધ્રા | સાધર્મિક | ૧૫૧ | ૧૫૧ |
| હાલ બોરીવલીની સુપુત્રી | તપશ્ચર્યા | ૧૫૧ | ૧૫૧ |
| | યાત્રિકભવન | ૧૫૧ | ૧૫૧ |
| | જીવદયા | ૧૫૧ | ૧૫૧ |

## જન્મદિન ની શુભેચ્છા

| | | |
|---|---|---|
| શ્રી મહેન્દ્રભાઇ વૃજલાલ શાહ | ૦૭ સપ્ટેંબર | ૯૮૨૧૪૧૩૩૭૭ |
| શ્રી બિપીનભાઇ રતીલાલ વોરા | ૧૭ સપ્ટેંબર | ૯૮૧૯૦૬૩૭૧૫ |
| શ્રી સંજય મનહરલાલ શાહ | ૦૪ સપ્ટેંબર | ૯૩૨૪૭૬૦૪૭૮ |
| શ્રી મયંકભાઇ પ્રબોધભાઇ શાહ | ૦૫ સપ્ટેંબર | ૯૭૫૭૦૧૪૦૦૯ |
| શ્રી મેહુલ વિનોદરાય શાહ | ૨૮ ઓગષ્ટ | ૯૮૬૯૪૦૨૨૩૮ |
| શ્રી મંગળદાસ શાંતિલાલકુવાડીયા | ૦૪ સપ્ટેંબર | ૮૧૬૯૪૮૫૦૩૧ |

**વ્હાલાની વસમી વિદાય વેળાએ............**

**ભાવભરી શ્રધ્ધાંજલી જુલાઈ ૨૦૨૪**

| નામ | મૂળ વતન | વિસ્તાર |
|---|---|---|
| જીતેનકુમાર કાંતિલાલ શાહ | વઢવાણ | ઘાટકોપર |
| મંગળદાસ શાંતિલાલ કુવાડીયા | બગડ | ગોરેગામ |
| ધ્રુવિલ જયેશભાઈ વોરા | શિયાણી | મલાડ |
| મનહરલાલ રતિલાલ બગડીયા | બોટાદ | સાયન |
| કેતનભાઈ રસિકલાલ શાહ | ભાડલા | કાંદિવલી |
| વર્ષાબેન વસંતભાઈ શેઠ | ધ્રાંગધ્રા | કાંદિવલી |
| નયનાબેન યોગેશભાઈ શાહ | વઢવાણ | મલાડ |
| રાજેન્દ્રભાઈ ચંપકલાલ શાહ | વઢવાણ | - |
| મેહુલભાઈ વિનોદરાય શાહ | ચુડા | દાદર |
| જાગૃતીબેન મુકેશભાઈ શાહ | સુરેન્દ્રનગર | મીરારોડ |
| નરેન્દ્રભાઈ માણેકલાલ શાહ | વઢવાણ | દહિસર |
| મેહુલભાઈ વિનોદરાય શાહ | ચુડા | દાદર |
| પ્રફુલ્લાબેન કિરીટભાઈ મશ્કરીયા | સુદામડા | - |

## સુપ્રીમ કોર્ટનો ચુકાદો

**અરવિંદ વાણીયા, એડ્વોકેટ**

જો અકસ્માત મૃત્યુ થાય, તેના અગાઉ છેલ્લા ત્રણ વર્ષ ના ઈન્કમટેક્સ રીટર્ન્સ ભરેલા હોય, પછી ભલે તે ઝીરો ટેક્સ હોય,

તો તેના વારસદાર ને ૧૦ વરસની, છેલ્લા આવક ની રકમ મળવા પાત્ર થાય છે, દા.ત. ૨૫૦૦૦x૧૨=૩,૦૦,૦૦૦ x ૧૦ = ત્રીસ લાખ

સુપ્રીમ કોર્ટે આપેલુ જજમેન્ટ છે, સાચવી ને પ્રિન્ટ કઢાવી રાખી, પરિવારને જણાવશો,આપ સૌ તંદુરસ્ત રહો, પરંતુ એકાદ વ્યક્તિ ને

લાભ મળશે તો આ પોસ્ટની સાર્થકતા રહેશે

આ સાથે સુપ્રીમ કોર્ટના મૂળ ઓર્ડર ની કોપી મોકલેલ છે...

દરેકે સાચવવી જોઈએ...

NON-REPORTABLE

IN THE SUPREME COURT OF INDIA

CIVIL APPELLATE JURISDICTION

CIVIL APPEAL NO. 9858 OF 2013
(Arising out of SLP(C) No. 1056 of 2008)

Radhakrishna and another ....Appellants

versus

Gokul and others ....Respondents

## BIO-DATA



# DHAIRYA SHAH

***Personal Details:-***

| | | |
|---|---|---|
| Date of Birth | - | 28 April 1997 |
| Height | - | 5.11 |
| Birth Place | - | Mulund -Mumbai |
| Caste | - | Zalawadi VishaShrimali Deravasi Jain |
| Native | - | Khadol (Dhandhuka) |
| Mob | - | 9820114536 |
| Education | - | PGDBM Finance - NMIMS Global School of Management<br>BMS Finance- KES Shroff College Of Arts And Commerce |
| Occupation | - | Assistant Manager Export Finance - Polycab India Limited. |

***Family details:-***

| | | |
|---|---|---|
| Father | - | Mitesh Nanalal Shah - 9867468469 |
| Business | - | Dealer in Auto Parts |
| Mother | - | Tejal Mitesh Shah - 9967774878 |
| Younger Brothers | - | Bhavya & Bhagya Shah |

***Paternal Details :***

| | | |
|---|---|---|
| Dada | - | Nanalal Jivrajbhai Shah -Khadol(Gujarat) |
| Dadi | - | Rasilaben Nanalal Shah |
| Kaka | - | Jitesh Shah -9426022601 |

***Maternal Details :***

| | | |
|---|---|---|
| Nana | - | Rajnikant Shantilal Shah - Mulund |
| Nani | - | Taruna Rajnikant Shah |
| Mama | - | Jignesh Shah - 9892088550<br>Jimit Shah - 9892795935 |
| Resi. Address | - | A-209, Neelkamal Premji Nagar CHSL,, Daulat Nagar, Road No 10, Borivali East, Mumbai 400066.<br>302, Balaji Darshan, Daulat Nagar, Road No 10, Borivali East, Mumbai 400066. (Under Construction) |

## જન્મદિવસની શુભેચ્છા

આપણને સૌને ભવોભવના પુણ્યકર્મના પ્રભાવે માનવભવ મળ્યો છે. વિતરાગ પ્રભુ મહાવીરનું સાશન મળ્યું છે. ઉત્તમ કુળ મળ્યું છે. માનવ સેવા કરવાનું સદ્ભાગ્ય સાંપડ્યુ છે ત્યારે આપણા શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઈ તથા સમગ્ર ઝાલાવાડી સમાજવતી જન્મદિનની શુભેચ્છા પાઠવીએ છીએ. આવા આનંદના મંગલ પ્રસંગે જે સતકર્મો કરીએ તેનું ફળ અનેક ગણુ વધી જાય છે. સમાજની શુભેચ્છા એ જ મોટી મુડી છે. શક્યત: આ મંગલ અવસરે ઝાલાવાડી સમાજને યાદ કરી જરૂરથી શુભેચ્છાના પ્રતિક રૂપે ઓછામાં ઓછા રૂા.૧૦૦૦/- મોકલવા નમ્ર વિનંતી. અભિનંદન... અભિનંદન... અભિનંદન...તંત્રી

**તા.૨૧-૮-૨૦૨૪ થી ૨૦-૯-૨૦૨૪**



શ્રી મહેન્દ્રભાઇ વૃજલાલ શાહ
(મૂળી - ગોરેગામ)
૭ સપ્ટેંબર
૯૮૨૧૪૧૩૩૭૭



બિપીનભાઈ રતીલાલ વોરા
(સુરેન્દ્રનગર - ચેંબૂર)
૧૭ સપ્ટેંબર
૯૮૧૯૦૬૩૭૧૫

## તેજસ્વી તારલાઓ



જૈનમ દક્ષેશ બારભાયા
Diploma in IT 91.35%
બોટાદ-કાંદિવલી



દીશા દક્ષેશ બારભાયા
10th 99.6% ICSE
બોટાદ-કાંદિવલી



વિહાન દીપેશ શાહ
10th 94.2% IGCSE
સુરેન્દ્રનગર-કાંદિવલી



નામ : પ્રીશા જીતરાજ શાહ
S.S.C. 95.33% I.G.C.S.E
જોરાવરનગર-વિલેપાર્લે



ધૈર્ય ચિરાગ શાહ
10th 93.20% CBSC
રામપુરા ભંકોડા - બોરીવલી

REGISTERED WITH THE REGISTRAR OF NEWS PAPER FOR INDIA UNDER R.N.I. NO. MAHBIL/2021/80571 LICENSE TO POST WITHOUT PRE-PAYMENT UNDER WPP LICENSE NO. MR/TECH/WPP-220/SOUTH/2024-26 POSTAL REGISTRATION NO. MCS/132/2024-2026 PUBLISHED ON 10TH OF EVERY MONTH AND POSTED AT MUMBAI PATRIKA CHANNEL SORTING OFFICE ON 10TH & 11TH OF EVERY MONTH

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

**આયોજિત તથા**

**શ્રીમતી શાંતાબેન બુટાલાલ શાહ પરિવાર તથા**

**શ્રીમતી સવિતાબેન ચીનુભાઈ છગનલાલ શાહ પરિવાર**

**પ્રેરિત (કાયમી)**

## ૮પમો સમૂહલગ્ન સમારોહ

**માગસર વદ સાતમ રવિવાર, તારીખ ૨૨-૧૨-૨૦૨૪**

**જમણવારના કાયમી પ્રેરક દાતા**

**શ્રી બુટાલાલ હકમચંદ શાહ પરિવાર (કોંઢ - ઘાટકોપર)**

**તથા**

**શ્રીમતી મનહરબેન કીરીટભાઈ રતનસી શાહ પરિવાર (ધોલેરા - મુલુંડ)**

## ઝાલાવાડી પરિવારોને વિનંતી

આપણા સંઘ તરફથી દર વરસે યોજાતા આ સમૂહલગ્નમાં જોડાવા માટે છે. હજુ પુરતો સમય છે. હવે આપણે વરસમાં એક વખત જ સમૂહ લગ્નનું આયોજન કરીએ છીએ. ભવ્યાતિભવ્ય રીતે પરિવારની માન મર્યાદાને સાચવીને યોજાતા આ સમૂહલગ્નમાં જોડાઈ ખોટા ખરચા ન કરવા જરૂરીયાતવાળા દરેક પરિવારને વિનંતી આપણે સૌ દેખાદેખી છોડી - અરસપરસ સમજુતી કરી, ''સમાજ શું કહેશે ? તેના કરતા મારી પરિસ્થિતિ શુ કહે છે ?'' આ બાબત લક્ષ્યમાં રાખી સમૂહલગ્નમાં જોડાવા શ્રી સંઘ આપ સૌને આગ્રહભર્યુ આમંત્રણ પાઠવે છે.

**લગ્ન સ્થળ :**

**દામોદર વાડી, કાંદીવલી (પૂર્વ)**

**સંપર્ક : ૯૧૩૭૩ ૪૨૮૧૮**

**વધુમાં વધુ દસ લગ્નો વહેલો તે પહેલોના ધોરણે લેવામાં આવે છે.**

**કન્વીનર :**

**શ્રી વિપુલભાઈ બગડીયા**

**(મો) ૯૮૨૦૦ ૬૧૬૨૮**

Printed & Published by : Ketan Arvind Shah on Behalf of Shree Zalawad Jain Swetamber Murtipujak Sangh, Printed at : LUCKY PRINTERS, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shree Zalawad Jain S M P Sangh, 175, Vallabhdas Kanji Bldg., 2nd Floor, Princess Street, Kalbadevi, Mumbai - 400 002. Editor : Mukesh Uttamchand Shah